બિન સરકારી માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક/બમશ/૧૩૯૪/૩૬૪/૯૭/ગ
તા.૨૨-૨-૯૯

**વંચાણમાં લીધા:-**

૧: શિ.વિ.ના તા.૨૭-૪-૭૯ ના ઠ.ક્ર.જીએસી-૧૦૭૯-૨૯૧૪૦/ગ.
૨: શિ.વિ.નો તા.૨૦-૨-૮૨નો ઠ.ક્ર.જીએસી-૧૦૭૯-૧૦૮૫૯-ગ.
૩: શિ.વિ.નો તા.૯-૦૩-૮૨ નો ઠ.ક્ર.બમશ-૧૧૮૦/ / ૧૮૬/ગ.
૪: ...શિ.કમિ.શ્રી ગુ.રા.ગાંધીનગરનો તા.૨૦-૫-૯૮ના પત્ર ક્રમાંક/અ-૧/ઘ/બિ.શૈ/કર્મ.સંખ્યાબળ/૪૮૮૨.
૫: તા.૯-૩-૯૮ ની યાદી ક્રમાંક-૧૩૯૮/૪૦૪-ગ
૬: ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદેદારો સાથે તારીખ. ૨૮-૬-૯૮ ના રોજ થયેલ સમાધાનની કાર્યવાહી નોંધ.

**'' ઠરાવ ''**

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા તેમની કેટલીક માંગણીઓ અંગે છેલ્લા કેટલાક સમયથી આંદોલન ચલાવેલું અને છે હવે તા.૧૫-૬-૯૮ થી અનશન તથા તા. ૧૮-૬-૯૮ થી હડતાલ ચલાવી રહયા હતા. તેમની માંગણીઓ પૈકીની એક માંગણી '' બિન શૈક્ષણિક કર્મચારીઓનું મહેકમ, હાલ વિદ્યાર્થી સંખ્યાના આધારે મળે છે તેના બદલે વર્ગ સંખ્યાને આધારે મળવું જોઇએ. ''તે ઉક્ત માંગણીના સંદર્ભમા થયેલ સમાધાનને અનુલક્ષીને નીચે મુજબના હુકમો બહાર પાડવાનું આથી સરકાર ઠરાવે છે.

૨/- આ વિભાગના તા.૯-૩-૮૨ ના ઠરાવ ક્રમાંક/બમશ/૧૧૮૦/૧૧૧૮૬/ગ થી જે બીન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યા બળ નક્કી કરવામાં આવ્યુ છે તેના બદલે હવે આ હુકમો બહાર પડે તે તારીખથી અમલમાં આવે તે રીતે ગ્રાન્ટ મેળવતી બીન સરકારી માધ્યમિક શાળાઓમાં નીચે જણાવ્યા મુજબનું બીન શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ અને પેટર્ન રાખવાનું રહેશે.

| ક્રમાંક. | વિદ્યાર્થી સંખ્યા | જગ્યાઓની સંખ્યા. | |
|---|---|---|---|
| ૧: | ૦ થી ૨૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યા વાળી શાળા માટે. | એક જુનિયર કલાર્ક | કુલ-૧ |
| ૨: | ૨૦૧ થી ૪૦૦ સુધીની વિદ્યાર્થીસંખ્યા વાળી શાળા માટે. | એક જુનિયર કલાર્ક<br>એક સિનિયર કલાર્ક | કુલ-૨ |
| ૩: | ૪૦૧ થી ૬૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળા માટે. | એક જુનિયર કલાર્ક<br>એક સિનિયર કલાર્ક<br>એક હેડ કલાર્ક | કુલ-૩ |

-// ૨ //-

| | | | |
|---|---|---|---|
| ૪ | ૬૦૨ થી ૮૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળા માટે. | એક જુનિયર કલાર્ક<br>એક સિનિયર કલાર્ક<br>એક હેડકલાર્ક<br>એક ઓફીસ સુપ્રિન્ટેન્ડેન્ટ | કુલ-૪ |
| ૫ | ૮૦૧ થી ૧૦૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળા માટે. | બે જુનિયર કલાર્ક<br>એક સિનિયર કલાર્ક<br>એક હેડકલાર્ક<br>એક ઓ. સુપ્રિ. | કુલ-૫ |
| ૬: | ૧૦૦૧ થી ૧૨૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળા માટે. | બે જુનિયર કલાર્ક<br>બે સિનિયર કલાર્ક<br>એક હેડકલાર્ક<br>એક ઓ. સુપ્રિન્ટેન્ડેટ | કુલ- |
| ૭: | ૧૨૦૧ થી ૧૪૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યાવાળી શાળા માટે. | ત્રણ જુનિયર કલાર્ક<br>બે સિનિયર કલાર્ક<br>એક હેડકલાર્ક<br>એક ઓ. સુપ્રિન્ટેન્ડેન્ટ | કુલ-૭ |
| ૮ | ૪૦૧ થી ૨૦૦ વિદ્યાર્થી દીઠ કે તેના ભાગ દીઠ. | એક વધારાનો સિનિયર કલાર્ક. | |

- તા. ૨-૭-૯૮ કે ત્યારબાદ નિમનાર જુનિયર કલાર્કને વિદ્યાર્થી સંખ્યા ઘટાડો થવાનો કારણે મળવાપાત્ર મહેકમમાં ઘટાડો થતાં છુટો કરવાનો રહેશે.

જ્યારે અન્ય બિન શૈક્ષણિક સ્ટાફને યથાવત રીતે સેટઅપ મુજબ ચાલુ રાખવાના રહેશે. એટલે કે જ્યારે વિદ્યાર્થી સંખ્યામાં ઘટાડો થાય ત્યારે બઢતીમાં આવેલ સીનીયર બીન શૈક્ષણિક કર્મચારીને છુટા કરવાને બદલે સૌથી છેલ્લે નિમાયેલ બીન શૈક્ષણિક કર્મચારીને છુટા કરવાના રહેશે. આથી તા. ૯-૩-૯૮ યાદી ક્રમાંક/બમશે/૧૩૯૮/૪૦૪-ગ રદ થશે.

- બીન સરકારી માધ્યમિક શાળાઓ માટે ના વિભાગના તા. ૨૭-૪-૭૯ના ઠરાવ ક્રમાંક/જીએસી/૧૦૭૯-૨૯૧૪૦-ગ અને તા. ૨-૨-૮૦ ના ઠરાવ ક્રમાંક/જીએસી/૧૦૭૯-૭૮૫૮-ગ થી ચોથા વર્ગના (પટાવાળા) કર્મચારીઓનું જે સંખ્યાબળ નક્કી કરેલ છે તેમાં હવે ૧૫૦૦ કરતા વિદ્યાર્થી સંખ્યા વધે ત્યારે દર ૨૦૦ વિદ્યાર્થીદીઠ ૧(એક) પટાવાળાની વધારાની જગ્યા મંજુર કરવાની રહેશે. તથા જ્યાં ચારથી વધારે પટાવાળા હોય ત્યાં દર ૪(ચાર) પટાવાળામાંથી સૌથી સિનિયર પટાવાળાને નાયક તરીકે નિમવાના રહેશે.

૫/- આ ઠરાવ નાણા વિભાગના તા. ૯-૯-૯૮ ના ઠરાવ ક્રમાંક/ખરચ/૧૦૯૮-૭૪(૫૮)-ગ-૧ ની તમામ જોગવાઇઓને બંધનકર્તા રહેશે.

૬/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ. ૨૦-૨-૯૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

(બી.કે. ભટ્ટ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ,

નાં.માધ્ય./બ-૧/ભરતી/૨૩૪૧-
૨૭૪૧

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો, રાજકોટ
તારીખ:- ૩૧/૩/'૯૯.

ઉપર મુજબ થયેલ જોગવાઇઓ અન્વયે જાણ તેમજ અમલ કરવા સારુ રવાના

અગ્નિમેરવાડિયા
જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

પ્રતિ,
આચાર્યશ્રીઓ
તમામ બિન સરકારી માધ્યમિક શાળાઓ.

નકલ રવાના:-
૧) તમામ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ આ કચેરી,
૨) તમામ મદદનિશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ આ કચેરી,
૩) સબંધિત શાખાઓ તરફ.